# ગુજરાતમાં ૧૮મી ડિસેમ્બર પૂર્વે ચૂંટણી યોજાશે

નવી દિલ્હી,તા. ૧૨

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટે આજે કાર્યક્રમ જાહેર થતાં આની ચર્ચા જોવા મળી હતી. જો કે, આ સંદર્ભમાં ચૂંટણી પંચે કેટલાક તારણો આપ્યા હતા. ગુજરાતમાં ચૂંટણીની તારીખોમાં હજુ વિલંબ થઈ શકે છે.

જો કે, ચૂંટણી પંચે સાફ શબ્દોમાં કહ્યું છે કે, ગુજરાત ચૂંટણી પણ ૧૮મી ડિસેમ્બર પહેલા જ યોજાઈ જશે. ચૂંટણીની તારીખો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવી શકે છે. ગુજરાતના ચીફ સેક્રેટરીઅને રાજ્ય સરકારે ચૂંટણી પંચને પત્ર લખીને વધારાના સમયની માંગણી કરી હતી. કારણ કે, જુલાઈ મહિનામાં આવેલા પુર અને રાહત અને પુનઃવસવાટના કામો હજુ પરિપૂર્ણ કરવામાં આવ્યા નથી. મુખ્ય ચૂંટણી કમિશનર એકે જ્યોતિ દ્વારા આ મુજબની વાત કરવામાં આવી હતી. માર્ગો સંપૂર્ણપણે ધોવાઈ ગયા હતા. સપ્ટેમ્બર મહિનામાં રાહત કામગીરીની શરૂઆત કરવામાં આવી હતી જેથી રાજ્ય સરકારે આચારસંહિતા અમલી બને તે પહેલા વધારાના સમયની માંગણી કરીહતી. આ ઉપરાંત પણ ચૂંટણીપંચે અન્ય કેટલાક કારણો આપ્યા હતા.

જો કે, પંચે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી ૧૮મી ડિસેમ્બર પહેલા પરિપૂર્ણ કરી લેવામાં આવશે. ગુજરાતમાં ૧૮૨ સભ્યોની વિધાનસભાની અવધિ ૨૨મી જાન્યુઆરી ૨૦૧૮ના દિવસે પૂર્ણ થનાર છે. આવી જ રીતે ગુજરાતમાં વિધાનસભાની અગાઉની ચૂંટણી એટલે કે ૨૦૧૨માં બે તબક્કામાં યોજાઈ હતી. ૧૩મી અને ૧૭મી ડિસેમ્બરના દિવસે બે તબક્કામાં વર્ષ ૨૦૧૨માં ચૂંટણી યોજાઈ હતી.

હાલમાં કેન્દ્રિય ચૂંટણી પંચે ગુજરાતની મુલાકાત લઈને ચૂંટણી તૈયારીની સમીક્ષા કરી હતી. રાજકીય પક્ષો સાથે બેઠકો પણ યોજી હતી. ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓને અનુલક્ષીને કેન્દ્રીય ચૂંટણી પંચની ટીમ હાલમાં ગુજરાતની બે દિવસની મુલાકાતે આવી હતી. જે દરમ્યાન ચૂંટણી પંચના અધિકારીઓએ વિવિધ રાજકીય પક્ષોના આગેવાનો, પ્રતિનિધિઓ અને સરકારી અધિકારીઓ તથા સત્તાધીશો સાથે મહત્વપૂર્ણ ચર્ચા વિચારણા કરી હતી. કેન્દ્રીય ચૂંટણી પંચે ગુજરાત વિધાનસભાની ચૂંટણી મુક્ત અને વાજબી વાતાવરણમાં યોજવાની કટિબધ્ધતા વ્યકત કરી હતી અને સ્પષ્ટ કરી દીધુ હતું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણી ડિસેમ્બર મહિનામાં જ યોજાશે.

# રાજ્યમાં ૫૩૨ પીએસઆઈની બદલીઓ

## ગાંધીનગર જિલ્લામાંથી ૨૪ની બદલી થઈ : જિલ્લામાં ૨૩ નવા પીએસઆઈ આવ્યા

ગાંધીનગર, તા. ૧૨

ચૂંટણીને પગલે પોલીસતંત્રમાં આઈપીએસ અધિકારીઓથી માંડીને પીએસઆઈની બદલીઓ શરૂ થઈ ગઈ છે. ગઈ રાત્રે પીઆઈની બદલીઓ બાદ આજે રાજ્ય પોલીસ વડાએ ૫૩૨ પીએસઆીની બદલીઓના આદેશ કર્યા છે. જેમાં ગાંધીનગર જિલ્લામાંથી ૨૪ પીએસઆઈની અલગ અલગ જિલ્લાઓમાં બદલી થવા પામી છે. ૨૪ પૈકી મોટા ભાગના ગાંધીનગરના પીએસઆઈને ભરૂચ બદલી કરવામાં આવી છે. તો બીજી તરફ ગાંધીનગર જિલ્લામાં નવા ૨૩ પીએસઆઈ આવ્યા છે. આ ૨૩ નવા પીએસઆઈ પૈકી મોટા ભાગના સુરત શહેરમાંથી ગાંધીનગર જિલ્લામાં મુકવામાં આવ્યા છે.

**ગાંધીનગરમાં નવા આવેલા પીએસઆઈ**

| નામ | ક્યાંથી આવ્યા ? |
|---|---|
| વી.એમ. ઝાલા | અમદાવાદ શહેર |
| એમ.સી. વાળા | અમદાવાદ શહેર |
| એસ.આર. ડામોર | સુરત શહેર |
| એમ.સી. સોલંકી | સુરત શહેર |
| એસ.ડી. કાલાત | શુરત શહેર |
| એસ.એમ. પરમાર | સુરત શહેર |
| એફ.એમ. પરમાર | સુરત શહેર |
| ચી.આર. રાઠવા | સુરત શહેર |
| પી.ડી. લીંબાચીયા | સુરત શહેર |
| એ.એમ. રાઠોડ | સુરત શહેર |
| એચ.વી. ઘેલા | સુરત શહેર |
| યુ.આર. નલવાલા | સુરત શહેર |
| યુ.એચ. પટેલ | સુરત શહેર |
| એ.આર. ચૌધરી | સુરત શહેર |
| આર.સી. ખરાડી | સુરત શહેર |
| એ.એ. દેસાઈ | અમદાવાદ ગ્રામ્ય |
| એમ.આર. પાંડોર | અમદાવાદ ગ્રામ્ય |
| એ.જે. સોલંકી | અમદાવાદ ગ્રામ્ય |
| એસ.એસ. વરીયા | પંચમહાલ |
| એમ.જે. સિન્દે | પંચમહાલ |
| કે.જી. ગોસ્વામી | રાજકોટ ગ્રામ્ય |
| જે.આર. કરોતરા | જુનાગઢ |
| બી.આર. રબારી | મહીસાગર |

**ગાંધીનગરમાંથી બદલી થયેલા પીએસઆઈ**

| નામ | ક્યાં ગયા ? |
|---|---|
| એચ.કે. સોલંકી | બનાસકાંઠા |
| એચ.જી. દેસાઈ | પોરબંદર |
| પી.જે. સોલંકી | મહેસાણા |
| વી.બી. પરમાર(પટેલ) | ભરૂચ |
| એસ.બી. વાઘેલા | ભરૂચ |
| આર.એન. ચૌહાણ | ભરૂચ |
| એસ.એમ. ચૌધરી | ભરૂચ |
| બી.સી. વાઘેલા | ભરૂચ |
| એમ.આર. પટેલ | ભરૂચ |
| વી.એ. પઠાણ | ભરૂચ |
| આર.એસ. રાજપુત | ભરૂચ |
| એ.એસ. ચૌહાણ | ભરૂચ |
| પી.સી. સરવૈયા | ભરૂચ |
| વ.આર. પ્રજાપતી | ભરૂચ |
| કે.ડી. બારોટ | મહેસાણા |
| બી.જી. યાદવ | ભરૂચ |
| ટી.એમ. પટેલ | સીઆઈડી ક્રાઈમ અને રેલ્વેઝ |
| પી.એમ. મારવાડા | ઈન્ટેલીજન્સ |
| એન.જે. જાડેજા | વડોદરા ગ્રામ્ય |
| ડી.ડી. પરમાર | ભાવનગર |
| એસ.એસ. ચાવડા | કચ્છ-પૂર્વ ગાંધીધામ |
| વી.એસ. દેસાઈ | મહેસાણા |
| કે.આર. વાઘેલા | કચ્છ-પૂર્વ ગાંધીધામ |
| સી.કે. કાતરીયા | સુરત શહેર |

# રાજ્ય સરકારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થામાં એક ટકાનો વધારો

ગાંધીનગર, તા. ૧૨

નાયબ મુખયમંત્રી અને નાણામંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, આગામી સમયમાં આવી રહેલા દિવાળીના તહેવારોને ધ્યાને લઈને વર્ગ-૪ના કર્મચારીઓ ઉત્સાહપૂર્વક દિવાળી ઉજવઈ શકે તે માટે તેઓને બોનસ આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, રાજ્ય સરકારે વર્ગ-૪ના કર્મચારીઓને ૩૫૦૦ની મર્યાદામાં બોનસ આપીને દિવાળીની ભેટ આપી છે. આ માટે રાજ્ય સરકારને રૂપિયા ૧૧.૮૭ કરોડનું વધારાનું ભારણ થશે. આનો લાભ રાજ્ય સરકાર અને પંચાયત, ગ્રાન્ટ ઈન એઈડ (માન્યતાવાળા કર્મચારીઓ) તથા બોર્ડ નિગમના વર્ગ-૪ના અંદાજે ૩૫ હજાર કર્મચારીઓને લાભ થશે તેમ તેમણે ઉમેર્યું હતું. નીતીન પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન વ્યવહાર નિગમના અધિકારી-કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચના સેટલમેન્ટ મુજબ એચઆરએની ૨૧ માસની રકમ ખાસ કિસ્સામાં ચુકવાશે. તેમણે ઉમેર્યું હતું કે એસટી નિગમના અધિકારી-કર્મચારીઓને ૧-૪-૨૦૦૯થી ૩૧-૧૨-૨૦૧૦ સુધીના સમયગાળા માટે સુધારેલ એચઆરએના તફાવતની રકમ, ખાસ કિસ્સામાં ચુકવાશે તે માટે રાજ્ય સરકારને રૂપિયા ૬૮.૬૯ કરોડની નાણાંકીય સહાયની રકમ એસટી નિગમને ફાળવી આપેલ છે જેના કારણે એસટીના કર્મચારીઓને તેનું ચુકવણી કરી દેવામાં આવશે જેનો લાભ નિગમના ૪૧૦૦૦ કર્મચારીઓને મળશે.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે તેના અધિકારી, કર્મચારીઓને ૭માં પગાર પંચના લાભો પુરો પવાડ્યા છે. સાથે સાથે ફિક્સ પગારના કર્મચારીઓના વેતનમાં પણ ઉત્તરોતર વધારો કર્યો છે. ત્યારે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ અને તેની સહયોગી કંપનીઓમાં ફરજ બજાવતા વિદ્યુત સહાયકોના ફિક્સ પગારમાં પણ નોંધપાત્ર વદારો કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે જેનો લાભ ૭૦૪૯ કર્મચારીઓને મળશે અને વિદ્યુત કંપનીઓને રૂપિયા ૨૨.૬૯ કરોડનું વધારાનું ભારણ થશે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યના અધિકારી, કર્મચારીઓના હિત માટે રાજ્ય સરકારે અનેકવિધ નિર્ણય કર્યા છે. રાજ્ય સરકારના અધિકારી, કર્મચારીઓ તેમજ પેન્શનરોને મળી કુલ ૮૨૦૭૬૪ અધિકારી, કર્મચારીઓને રાજ્ય સરકારે સાતમાં નાણા પંચના લાભો મંજુર કરીને પગાર અને પેન્શન ચુકવવામાં આવી રહ્યું છે તેના ઉપર હવે એક ટકા મોંઘવારી ભથ્થુ ૧-૭-૨૦૧૭થી રોકડમાં ચુકવવામાં આવશે.

## એસ.ટી.ના કર્મચારીઓને ૨૧ માસના એચ. આર. એ.ની રકમ ચુકવાશે

ગાંધીનગર, તા. ૧૨

નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના અધિકારી-કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચના સેટલમેન્ટ મુજબ એચ.આર.એ.ની ૨૧ માસની રકમ ખાસ કિસ્સામાં ચુકવાશે. એસ. ટી. નિગમના અધિકારી-કર્મચારીઓને ૧.૪.૦૯થી ૩૧.૧૨.૧૦સુધીના સમયગાળા માટે સુધારેલ એચ.આર.એ ના તફાવતની રકમ, ખાસ કિસ્સામાં ચુકવાશે. તેમાટે રાજ્ય સરકારને રૂા. ૬૮.૬૯ કરોડની નાણાંકીય સહાયની રકમ એસ.ટી. નિગમને ફાળવી આપેલ છે, જેના કારણે એસ.ટી.ના કર્મચારીઓને તેનું ચુકવણું કરી દેવામાં આવશે.



ઉત્તરપ્રદેશના બાગપત જિલ્લાના ચિરમિટા ગામના યુવાન સુમિત ગુર્જરને નોઈડા પોલીસ દ્વારા ઢોર માર મારી એન્કાઉન્ટર કર્યાના મુદ્દે દેશભરમાં ગુર્જર સમાજમાં રોષની લાગણી ફેલાવા પામી છે. ગાંધીનગરના સે. ૧૫માં કાર્યરત પથિક સેના સંગઠન દ્વારા આ મુદ્દે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને આ કેસની ન્યાયિક તપાસની માંગણી સાથે આવેદનપત્ર મોકલવામાં આવ્યું છે. તેમજ ગાંધીનગરના જિલ્લા કલેક્ટર સતિષ પટેલને પણ પથિક સેના સંગઠનના યુવાનોએ આવેદનપત્ર સુપરત કર્યું હતું.

## ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી પુરસ્કૃત જીગર રાણા લિખિત-દિગ્દર્શિત નાટક 'સંધાન'નું આજે ભવન્સ હૉલમાં મંચન

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની યુવા પ્રતિભાશાળી દિગ્દર્શક યોજનામાં પુરસ્કૃત નાટક 'સંધાન'નું પ્રથમ મંચન શુક્રવારે અમદાવાદ ખાતે નિયત કરવામાં આવ્યું છે. આ નાટકનું લેખન અને દિગ્દર્શન ગાંધીનગરના રહેવાસી જીગર રાણા દ્વારા કરવામાં આવ્યું છે. કુંતલ નિમાવત, સત્યેન્દ્રસિંહ પરમાર, ઈરફાન શેખ, નિરાલી જોષી, આરવ રાજપૂત, મૌલિક વ્યાસ, મહર્ષિ ઝવેરી, કશીશ સૈયઢ અને નીરવ વેગડા જેવા કલાકારો આ નાટકમાં અભિનયનાં અજવાળાં પાથરી રહ્યાં છે. ટેક્નિકલ સહાય અધીર સૈયઢ, મંચસજ્જા કશ્યપ વાણિયા, સંગીત ધૃમિલ ચૌહાણ દ્વારા આપવામાં આવ્યું છે. નાટક માટે માર્ગદર્શન અને સહયોગ દીપક અંતાણી અને નિસર્ગ ત્રિવેદી તરફથી પ્રાપ્ત થયો છે.

તા. ૧૩ ઑક્ટોબર ને શુક્રવારના રોજ સાંજે ૮.૩૦ કલાકે જે. એ. ઓડિટોરિયમ, ખાનપુર, અમદાવાદ ખાતે આ નાટકનું મંચન થવા જઈ રહ્યું છે. આ નાટક માણવા માટે કોઈપણ પ્રકારની ફી રાખવામાં આવી નથી. નાટ્યરસિકોને આ નાટક માણવા માટે જીગર રાણા ગૃપ તરફથી ઈજન પાઠવવામાં આવ્યું છે.




**મોડાસાના કુભેરામાં ૫૦ જેટલી મધમાખી પેટીઓનું વિતરણ કરાયુ**

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના કુભેરામાં આજે ખાદી અને ગ્રામોધોગ આયોગના અધ્યક્ષ વિનયકુમાર સકસેનના હસ્તે મધુમખ્ખી પાલન માટેની તાલીમ લઈ રહેલા ૫૦ જેટલા અનુસૂચિત જનજાતિ અને અનુસૂચિતજાતિના તાલીમાર્થીઓને રોજગાર ઉપલબ્ધ કરાવવા તેમજ આજીવિકા વધારવાના ઉદ્દેશથી મધમાખીની પેટીઓનું વિતરણ કરાયું હતું.







## આઈઆઈએમના શૌર્ય-૨૦૧૭માં ક્રિકેટ-ફૂટબોલમાં એલડીઆરપી-આઈટીઆર ચેમ્પિયન

આજના યુગમાં અભ્યાસની સાથે રમતગમતનું મહત્વ પણ અનેકગણુ વધી જવા પામ્યું છે. વિદ્યાર્થીઓની શારિરિક ક્ષમતામાં વધારો કરતી રમતગમતની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા આઈઆઈએમ દ્વારા ''શૌર્ય-૨૦૧૭''નું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં ગાંધીનગરની સે. ૧૫ની એલડીઆરપી-આઈટીઆર કોલેજ ક્રિકેટ અને ફૂટબોલમાં યશસ્વી દેખાવ કરતા ચેમ્પિયન બની હતી. એલડીઆરપી-આઈટીઆરની ક્રિકેટ ટીમે ફાઈનલમાં જીએનએલયુની ટીમને જ્યારે ફૂટબોલ ટીમે યજમાન આઈઆઈએમની ટીમને પરાસ્ત કરી વિજય મેળવ્યો હતો. બંને ટીમને પ્રસંશનીય પ્રદર્શન માટે કોલેજના આચાર્યા ડૉ. ગાર્ગી રાજપરા અને ફિઝિક્સ એજ્યુકેશનના ડાયરેક્ટર લેફ્ટનન્ટ નોરીન વૈયના તથા કોલેજ પરિવારે અભિનંદન વર્ષા કરી હતી.

## હિમાલચલમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે કહ્યું હતુંકે, રાજ્યમાં નિષ્પક્ષ ચૂંટણીની ખાતરી કરવા માટે મોટી તૈયારી કરવામાં આવી છે. રાજ્યમાં મોટાપાયે અર્ધલશ્કરી દળોની તૈનાતી કરવામાં આવનાર છે. હિમાચલમાં ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયા બાદ હવે રાજકીય પક્ષોમાં ગરમી જામી ગઈ છે. ચૂંટણી પંચે હિમાચલ પ્રદેશ માટે રાજ્યના તમામ ૭૫૨૧ મતદાન મથકો ઉપર ગ્રાઉન્ડ ફ્લોર પર જ મતદાનની પ્રક્રિયા રાખવાનો નિર્ણય કર્યો છે. તમામ પોલિંગ સ્ટેશન પર દિવ્યાંગો માટે ખાસ સુવિધા ગોઠવવામાં આવી છે. મતદાન, ઉમેદવારી દાખલ કરવાની પ્રક્રિયા, ચૂંટણી સભાને લઈને વિડિયોગ્રાફી કરવામાં આવશે. કાઉન્ટિંગ હોલમાં પણ વિડિયોગ્રાફી કરવામાં આવશે. રાજ્ય વિધાનસભાની ચૂંટણી માટે ખર્ચની મર્યાદા પણ નક્કી કરવામાં આવી છે. દરેક ઉમેદવાર ચૂંટણી દરમિયાન ૨૮ લાખ રૂપિયા સુધીનો ખર્ચ કરી શકશે. ચૂંટણી પરિણામની જાહેરાતના ૩૦ દિવસની અંદર ઉમેદવારોને ખર્ચ સાથે સંબંધિત વિગતો આપવી પડશે. ચૂંટણી પંચની આ વખતે સોશિયલ મિડિયા ઉપર પણ ચાંપતી નજર રહેશે. પેઈડ ન્યુઝ માટે ચૂંટણી પંચે જિલ્લા, રાજ્ય અને કેન્દ્રીય ચૂંટણીપંચ સ્તર સુધી ત્રિસ્તરીય કમિટિની રચના કરી છે. હાલમાં હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસની સરકાર છે. વર્તમાન મુખ્યમંત્રી વીરભદ્રસિંહ છ વખત રાજ્યના મુખ્યમંત્રી રહી ચુક્યા છે. કોંગ્રેસ પાર્ટી આ વખતે પણ તેમના નેતૃત્વમાં ચૂંટણી લડી રહી છે. હિમાચલ માટે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ આચારસંહિતા અમલી થઈ ગઈ છે જેથી હવે કોઈ નીતિવિષયક નિર્ણય લઈ શકાશે નહીં. ૧૮મી ડિસેમ્બરના દિવસે હિમાચલમાં વિધાનસભાની ચૂંટણી માટે મતગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

## દંપત્તિ નિર્દોષ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આજીવન કારાવાસની સજા સામે અલ્હાબાદ હાઈકોર્ટમાં અપીલ કરી હતી. હાઈકોર્ટે જ્યારે નિચલી કોર્ટના ચુકાદાને બિલકુલ બદલી કાઢ્યો છે. આશ્ચર્યજનક બાબત એ છે કે, આજીવન કારાવાસની સજા આપનાર પૂર્વ જજ શ્યામલાલ પણ આજે અલ્હાબાદ હાઈકોર્ટ પહોંચ્યા હતા. ચુકાદો આવતા પહેલા તલવાર દંપત્તિ પરેશાન દેખાઈ રહ્યા હતા. સવારે હેલ્થ ચેકઅપ દરમિયાન બંનેના બ્લડપ્રેશર પણ વધેલા હતા. તલવાર દંપત્તિએ દાસના જેલમાં ટીવી મારફતે ચુકાદા અંગે સાંભળતા ભાવનાશીલ બની ગયા હતા. પોતાની પુત્રી આરુષિની હત્યાના આરોપ તલવાર દંપત્તિ હાલમાં ગાઝિયાબાદની દાસના જેલમાં છે. આશરે ૯ વર્ષ પહેલા નોઈડાના સેક્ટર ૨૫ સ્થિત જલવાયુવિહારમાં થયેલા આ હત્યાના રહસ્યને લઈને પોલીસે તપાસ કરી હતી. ત્યારબાદ હોબાળો મચી ગયા બાદ સીબીઆઈની બે ટીમો દ્વારા તપાસ કરવામાં આવી હતી. ગાઝિયાબાદ સ્થિત ખાસ સીબીઆઈ કોર્ટે ૨૬મી નવેમ્બર ૨૦૧૩ના દિવસે રાજેશ, નુપુરને આજીવન કારાવાસની સજા ફટકારી હતી. આનાથી એક દિવસ પહેલા તેમને દોષિત ઠેરવવામાં આવ્યા હતા. તલવાર દંપત્તિની અરજી ઉપર જસ્ટિસ બીકે નારાયણ અને જસ્ટિસ એકે મિશ્રાની બેંચે ૭મી સપ્ટેમ્બરના દિવસે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. ચુકાદા સાંભળવાની તારીખ ત્યારબાદ ૧૨મી ઓક્ટોબરના દિવસે નક્કી કરાઈ હતી.

## રિયલ એસ્ટેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

થાય છે જેથી તેને જીએસટીની હદમાં લાવવામાં આવે તે જરૂરી છે. જેટલીએ ભારતમાં ટેક્સ સુધારાઓ ઉપર વાર્ષિક નિવેદન કર્યું હતું. જેટલીએ ભારતમાં ટેક્સ સુધારાઓ ઉપર વિસ્તારપૂર્વક વાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ભારતમાં રિયલ એસ્ટેટ એવા ક્ષેત્ર તરીકે છે જેમાં સૌથી વધારે કરચોરી અને રોકડ રકમનો કારોબાર થાય છે. તે હજુ પણ જીએસટીની બહાર છે. કેટલાક રાજ્યો આના ઉપર ભાર મુકી રહ્યા છે. તેઓ વ્યક્તિગતરીતે માને છે કે, જીએસટીને રિયલ એસ્ટેટની હદમાં લાવી શકાય છે. તેમણે ઉમેર્યું હતું કે, જીએસટીમાં આ સમસ્યા પર ચર્ચા કરવામાં આવશે. કેટલાક રાજ્યો આને જીએસટીની હદમાં લાવવા ઈચ્છુક છે. જેટલીએ ઉમેર્યું હતું કે, ટેક્સ હદ હેઠળ લોકોને લાવવા માટે આપવામાં આવતી છુટછાટ અને ઓછા ખર્ચ થવાથી બ્લેકમનીથી ચાલનાર અર્થવ્યવસ્થાનું કદ ઘટાડી દેવામાં મદદ મળશે.

## એસીબીની ટ્રેપ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપવાના હતા. આરટીઓ અધિકારીની લાંચની માંગણી બાબતે ટ્રક માલિકે એસીબીમાં ફરિયાદ કરતાં આજે સાબરકાંઠા એસીબીની ટીમે ગાંધીનગર આરટીઓ કચેરીમાં જ ટ્રેપ ગોઠવી હતી. આસી. ઈન્સ્પેકટર નિતિન પટેલ વતી રૂ. ૧૦હજારની લાંચ સ્વિકારતા વચેટીયા એજન્ટ ભરત પ્રજાપતિને પકડી પડવામાં આવ્યો અને એસીબીએ બંનેની ધરપકડ કરી ગુનો દાખલ કરી તપાસ તેજ બનાવી છે. આરટીઓ અધિકારીને કુડાસણમાં મકાન છે અને વતનમાં કેટલી મિલ્કત છે તથા કોને કોને રૂપિયા આપવાના હતા તે સહિતની તપાસ બારીકાઈથી શરુ કરવામાં આવી છે.

## ૫૬૦ મકાનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દેવાયો છે. જયારે સેકટરોમાં કર્મચારીઓ માટે કોર્પોરેટ લુક ધરાવતા નવા મકાનો બાંધવાની યોજનાનુ કામ પણ હાલ ચાલી રહયુ છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા હજુ નવા મકાનો બાંધવા માટે સાઈટનુ નિરિક્ષણ કરવામાં આવી રહયુ છે. જેમાં હવે સે-૫ અને સે-૬ માં નવી આવાસ યોજના તૈયાર કરવાની ગતિવિધિઓ હાથ ધરાઈ છે. સે-૫ માં ગ માર્ગથી રીંગરોડને જોડતા સેકટરના રસ્તા પાસે આવાસો તૈયાર કરવાની વિચારણા હાથ ધરાઈ છે. જયારે સે-૬ માં પણ સંત રોહીદાસ મંદિરથી આગળના વિસ્તારમાં આવાસ યોજનાનુ કામ હાથ ધરવા માટે ઉચ્ચ કક્ષાએ દરખાસ્ત કરવામાં આવી છે. જો કે આ મામલે હજુ ઉચ્ચ અધિકારીઓ સમક્ષ પ્રેઝન્ટેશન કરવામાં આવશે ત્યારબાદ આવાસ નિર્માણ માટે સાઈટ આખરી કરાશે.

## પટેલ સમાજવાડી ખાતે શનિ-રવિ પ્રદર્શન-કમ-સેલ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજના સહેલી ગૃપ દ્વારા દિવાળી પર્વ નિમિત્તે 'પ્રદર્શન-કમ-સેલ'નું આયોજન કરાયું છે. બે દિવસીય પ્રદર્શન-કમ-સેલ તા. ૧૪ અને તા. ૧૫ ઓકટોબર શનિવાર-રવિવાર દરમિયાન સેકટર-૭માં સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજની વાડી ખાતે સવારે ૧૦થી સાંજના ૮ વાગ્યા સુધી યોજાશે. આ પ્રદર્શન-કમ સેલમાં ઘરવપરાશની ચીજવસ્તુઓ, રેડીમેડ ડ્રેસીસ, કુર્તી, લેગિન્સ વગેરે વસ્ત્રો, ઈમિટેશન જવેલરી, હેન્ડ ક્રાફટેડ જવેલરી, કોકોનેટ શેલ પ્રોડકટસ, કોસ્મેટિકસ તથા ખાણીપીણી વગેરેના સ્ટોલ્સનું આયોજન કરાશે. આ પ્રદર્શન-કમ-સેલની મુલાકાત લેવા ગાંધીનગરની મહિલાઓને સહેલી ગૃપ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## અમુલ ફેડરેશનને ઈન્ટરનેશનલ એડવર્ટાઈઝિંગ એસોસિએશન દ્વારા એફએમસીજીની ફૂડ કેટેગરીમાં સર્વશ્રેષ્ઠતાનો એવોર્ડ

ગુજરાત કોઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિ. (જીસીએમએમએફ) કે જે અમુલ બ્રાન્ડ હેઠળ દૂધ અને દૂધની બનાવટોનું વેચાણ કરે છે તેને ઈન્ટરનેસનલ એડવર્ટાઈઝિંગ એસોસૈશન દ્વારા (એફએમસીજી)ની ફૂડ કેટેગરીમાં સર્વશ્રેષ્ઠતાનો એવોર્ડ મળેલ છે. અમુલ ફેડરેશનને આ એવોર્ડ ૫ માં ઈન્ટરનેશનલ એડવર્ટાઈઝિંગ એસોસૈશન દ્વારા આયોજિત એક ભવ્ય સમારંભમાં ૭ ઓક્ટોબર ૨૦૧૭ના રોજ મુંબઈમાં આપવામાં આવેલ હતો. આ પ્રતિષ્ઠિત એવોર્ડ ઈન્ટરનેશનલ એડવર્ટાઈઝિંગ એસોસિએશનના ઈન્ડિયન ચેપ્ટર દ્વારા તેવી સંસ્થાઓને આપવામાં આવે છે કે જે સંસ્થા દ્વારા માર્કેટિંગ, એડવર્ટાઈઝિંગ અને મીડિયા સેક્ટરમાં ખુબ જ પ્રસંશનીય કામગીરી કરવામાં આવી હોય.

# વિદ્યુત સહાયક તરીકે ફરજ બજાવતા ફિકસ પગારદાર કર્મચારીના વેતનમાં નોંધપાત્ર વધારો

## નિગમના ૭૦૪૯ કર્મચારીઓને લાભ : ૨૨.૬૯ કરોડનું રાજ્ય સરકારને વધારાનું ભારણ

ગાંધીનગર, તા. ૧૨

નાયબ મુખ્યમંત્રી અને નાણાંમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે, ગુજરાત સરકારે તેના અધિકારી/કર્મચારીઓને ૭ માં પગાર પંચના લાભો પુરો પાડ્યા છે. સાથે સાથે ફિકસ પગારના કર્મચારીઓના વેતનમાં પણ ઉત્તરોતર વધારો કર્યો છે. ત્યારે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ અને તેની સહયોગી કંપનીઓમાં ફરજ બજાવતા વિદ્યુત સહાયકોના ફિકસ પગારમાં પણ નોંધપાત્ર વધારો કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે જેનો લાભ ૭૦૪૯ કર્મચારીઓને મળશે. અને વિદ્યુત કંપનીઓને રૂા.૨૨.૬૯ કરોડનું વધારાનું ભારણ થશે.

નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, આ નિગમોમાં ચાર કેડરોમાં વિદ્યુત સહાયકો ફરજો બજાવે છે. જેમાં ઈલેકટ્રીકલ આસીસ્ટન્ટ/ હેલ્પર, જુનીયર આસીસ્ટન્ટ, પ્લાન્ટ એટેડન્ટ (ગ્રેડ-૧), જુનીયર એન્જિનીયર કેડરના ૭૦૪૯ જેટલા કર્મચારીઓને આ લાભો મળશે. જેમાં ઈલેકટ્રીકલ આસીસ્ટન્ટ/ હેલ્પરના કિસ્સાઓમાં રૂા. ૨૫૦૦, જુનીયર આસીસ્ટન્ટ અને પ્લાન્ટ એટેડન્ટ (ગ્રેડ-૧)ના કિસ્સામાં રૂા. ૩૫૦૦ તથા જુનીયર એન્જિનીયર કેડરમાં રૂા.૫૦૦૦ નો વધારો કરાયો છે.